ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં વધુ એક પોઝીટીવ કેસ નોંધાયો

## હજુ ૪ દર્દીના રિપોર્ટ આવવાના બાકી : શહેરમાં કોરોના ૭ પર પહોંચી : ૫ કેસ સંક્રમણથી થયા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં કોરોનાનો વધુ એક કેસ પોઝીટીવ મળી આવ્યો છે. શહેરમાં કોરોના કેસના દર્દીઓની સંખ્યા વધીને સાત થઈ છે.

દરમિયાન ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં આઈસોલેશનમાં રખાયેલ ૪ દર્દીના રિપોર્ટ આવવાના બાકી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે જે કેસ પોઝીટીવ આવેલ છે તે ૭૫ વર્ષની વૃધ્ધા છે. આ વૃધ્ધાને લોકલ ટ્રાન્સમીશનથી કોરોના પોઝીટીવ આવેલ છે. ગાંધીનગરના એક કપલને પોઝીટીવ આવ્યા પછી તેના સંક્રમણથી પાંચ દર્દીને કોરોના પોઝીટીવ આવ્યા છે.

આ વૃધ્ધા પણ ઉમંગ પટેલના ફુવા અશોકભાઈ પટેલના પરિવારના હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ મનપા દ્વારા શહેરમાં સેનેટાઈઝેશનની કામગીરી ઝડપી બનાવવામાં આવેલ છે.

શહેરમાં આજે લોકડાઉનનો અમલ ખુબ જ અસરકારક રીતે થવા પામ્યો હતો. શહેરના રસ્તાઓ સુમસામ બન્યા છે.

### મનપાના એમ.ઓ.એચ. હોમ ક્વોન્ટાઈન થયા

ગાંધીનગર મહાનગરપાલિકાના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. કલ્પેશ ગોસ્વામી આજે એકાએક હોમ ક્વોરોન્ટાઈલ થયા છે.

મળતી વિગતો પ્રમાણે આજે જે મહિલાનો કેસ પોઝીટીવ આવ્યો છે તેનું બી.પી. ડૉ. ગોસ્વામીએ પરિવારની મુલાકાતે ગયા ત્યારે માપ્યુ હતુ. આથી કોન્ટેક્ટ પર્સન તરીકે તેઓ જાતે હોમ કોરોન્ટાઈન થયા છે. આજે ડૉ. ગોસ્વામી હોમ ક્વોરોન્ટાઈન થતાં મનપાના તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

### તબીબી સેવા માટે ખાસ બે બસની સુવિધા કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તબીબી સેવાઓ માટે ખાસ બે બસોની ફાળવણી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે વિજાપુર-મહુડી-લોદરા-પેથાપુરને સાંકળતી એક બસની સુવિધા તેમજ બીજી બસ સિવિલ હોસ્પિટલ ગાંધીનગરથી વાવોલ-રાંધેજા-રૂપાલ-સરઢવ-ધમાસણાથી કલોલ ડેપો વચ્ચે રહેશે. આ માટે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય દ્વારા ડેપો મેનેજર ગાંધીનગરને જાણ કરી સૂચના આપવામાં આવી છે. જેથી તબીબી સેવા સાથે સંકળાયેલ ડોક્ટર, નર્સીંગ સ્ટાફ, પેરા-મેડીકલ સ્ટાફને ફરજ પર આવવા-જવા માટે તકલીફ પડે નહિ તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે.

### ગાંધીનગર સિવિલમાં કોરોના વોર્ડમાં ૧૩ દર્દીઓ દાખલ

કોરોના વાયરસે વૈશ્વિક સ્તરે હાહાકાર મચાવ્યો છે. ત્યારે રાજયના પાટનગરની હોસ્પિટલમાં પણ ખાસ કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે ખાસ અલાયદો વોર્ડ તૈયાર કરાયો છે. સિવિલના આઠમા માળે ઉભા કરાયેલા વોર્ડમાં હાલના સમયે ૧૩ દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં ગાંધીનગરમાં કોરોના પોઝીટીવના ૭ દર્દીઓમાંથી ૬ દર્દીઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અને એક દર્દી અમદાવાદ ખાતે સારવાર હેઠળ છે. જયારે અન્ય ૭ દર્દીઓમાં ચાર સસ્પેકેટેડ દર્દીઓ છે. તે ઉપરાંત ત્રણ દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે, પણ સારવાર હેઠળ છે.

### છેલ્લે... છેલ્લે...

- રાજ્યમાં ૨૦,૩૦૪ લોકોને કોરોન્ટાઈલ કરાયા છે. જેમાં ૮૬ની કોરોનાના ચિહ્નો દેખાયા છે.
- રાજ્યમાં ૨૩૬ નાગરિકો સામે કોરોન્ટાઈલ પ્રોટોકોલ ભંગની ફરિયાદ કરાઈ છે.
- જીઈબી અને ટોરેન્ટ પાવરના વીજ વપરાશકારોના માર્ચ - એપ્રિલ - મે મહિનાના બિલો ૧૫મી મે સુધી ભરી શકાશે.
- જાહેરનામાના ભંગ બદલ રાજયમાં ૨૫૦ અને કોરોન્ટાઈલ વ્યક્તિઓ દ્વારા કાયદાના ભંગની ૬૨ ફરિયાદ નોંધાઈ છે. આજ સુધી ૧૦૩૮ કોરોન્ટાઈલ સંદર્ભેના ગુનાઓ નોંધાયા છે. જ્યારે ૪૮૨ની અટક કરાઈ છે.
- મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોનાના દર્દીઓની સારવાર કરતા ડૉક્ટરો સાથે વિડીયો કોન્ફરન્સ કરી હતી.
- આરોગ્ય વિભાગની વેબસાઈટ પર સવારે કોરોન્ટાઈલના ખોટા આંકડા દર્શાવાતા ભારે દોડધામ મચી હતી. અંતે વિભાગે સાચા આંકડા મૂકી દીધા હતા.
- સંત શ્રી મોરારિ બાપુ અને કુંડલધામના સ્વામિનારાયણ મંદિર દ્વારા ૨૫-૨૫ લાખનું કોરોના રાહત ભંડોળમાં રાજય સરકારને સુપ્રત કરાયા.
- મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં પણ સોશિયલ ડિસ્ટન જાળવીને બેઠક વ્યવસ્થા કરાઈ હતી.
- ઉત્તર ગુજરાતના ધાનેરામાં ભારે વરસાદી ઝાપટું પડતાં ખેડૂતોના જીવ અદ્ધર થયા હતા. મોટા નુકસાનની શંકા સેવાઈ રહી છે.
- એપોલો હૉસ્પિટલ પાંચ હજાર દર્દીઓ માટે આઈસોલેશન રૂમની વ્યવસ્થા કરવાની સરકારને ઓફર કરી છે.



### કોરોનાના કહેર વચ્ચે શહેરમાં વાતાવરણમાં પલ્ટો

આગાહી મુજબ જ ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યના વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. આકાશમાં વાદળો ઘેરાયા બાદ શહેરમાં ક્યાંક ક્યાંક છાંટા પડ્યા હતા. કોરોનાના કહેર વચ્ચે ઉતરી આવેલી આકાશી આફતથી લોકો પરેશાન થઈ ચૂક્યા છે. હવામાન વિભાગે ૨૫ અને ૨૬મી તારીખે હવામાનમાં પલ્ટાની આગાહી કરી હતી. આગાહી મુજબ જ છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. વહેલી સવારે આકાશમાં વાદળો ઉમટી આવે છે. કાળા ડિબાંગ વાદળો વચ્ચે ક્યારેક ક્યારેક છાંટા પડે છે. પવનની ગતિ પણ તેજ બની છે. આ વાદળો વચ્ચે થોડાક સમય માટે તડકો પણ પડે છે. આજે વાદળોનો ઘેરાવો આખો દિવસ રહ્યો હતો. જાણે ચોમાસાની સિઝન આવી ગઈ હોય તેમ વાદળો ઘેરાયા હતા અને એકદમ ઠંડો પવન શરૂ થયો હતો. શહેરમાં ક્યાંક ક્યાંક વરસાદી છાંટા પડ્યા હતા તો ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઝાંપટા પડ્યા હોવાના અહેવાલ છે. ઝાંપટા પડતા ખેડૂતો મુંઝાયા છે તો વાતાવરણમાં આવેલો પલ્ટો શહેરીજનોને પણ ચિંતામાં મુકી રહ્યો છે. બેવડી ઋતુના કારણે શરદી, કફ અને ખાંસીના દર્દીઓ વધી રહ્યા છે. કોરોનાને કહેર છે ત્યારે આવા દર્દીઓની સંખ્યા વધતા લોકો ચિંતામાં મુકાયા છે.

## શહેરમાં બે ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં ૨૦ લોકોને ક્વોરોન્ટાઈન કરાયા છે

### જિલ્લામાં બે ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ૨૭ લોકોને ક્વોરોન્ટાઈન કરાયા છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રહેલ ૨૦૦ પરિવારોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હતી.

મનપાની એક સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે હોમ ક્વોરોન્ટાઈનમાં રહેલા પરિવારોને ૧.૫ લીટર દૂધ, ૨ કિલો લીલા શાકભાજી તેમજ ૧૪ દિવસ સુધી ચાલી શકે તેટલુ અનાજ આ કીટમાં આપવામાં આવ્યુ છે.

આ યાદીમાં જણાવાયા મુજબ હાલ ૨૦ જેટલા નાગરિકોને ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટર ખાતે રાખવામાં આવેલ છે. તેમને બે વખત મેડીકલ ચેક-અપ કરવા ઉપરાંત ભોજન-ચા-નાસ્તાની સુવિધા પણ આપવામાં આવી રહી છે.

મનપા દ્વારા ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટર ખાતે વર્ગ-૨ અને ૩ ના કર્મયોગીઓ ૨૪૮૭ સેવાઓ બજાવી રહ્યા છે. દરમ્યાન પ્રેક્ષા ભારતી કોબા ખાતે જિલ્લાના ૧૦ વ્યક્તીઓને

● અનુસંધાન પાન-૭ પર

### મનપા દ્વારા વડીલ વંદના કરાશે

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષપદે મળેલ કોર કમિટીની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ કોરોના વાયરલની વર્તમાન પરિસ્થિતિમાં શહેરમાં એકલા વસવાટ કરતા નિઃસહાય વૃદ્ધ વડીલોને અને નિરાધાર વ્યક્તીઓને ઘેર બેઠા નિઃશુલ્ક ભોજન મળી રહે તેવી સંવેદનાસભર વડીલ વંદના માટે મનપાના વહીવટી અધિકારી અમિત સિંઘાઈની નોડલ ઓફિસર તરીકે નિયુક્તી કરવામાં આવી છે. તેમનો મોબાઈલ નં. ૯૯૦૯૯૫૪૭૦૯ છે. તેઓ આ માટે આવી વ્યક્તિઓના સંકલનમાં રહી આ વડીલોના ભોજનની વ્યવસ્થા કરશે. આજે મનપાએ આ સેવા માટે શહેરની કેટલીક સ્વૈચ્છીક સંસ્થાના આગેવાનો સાથે વાતચીત પણ કરી હતી અને તે સંસ્થાઓને આ કાર્યમાં સહભાગી કરવામાં આવશે તેમ મનપાની અખબારી યાદીમાં જણાવાયુ છે.

### સેક્ટર-૬નું હંગામી શેલ્ટર હોમનું સેનીટાઈઝેશન તંત્ર દ્વારા કરાયુ

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હંગામી ધોરણે સે. ૬ માં શરૂ કરાયેલ શેલ્ટર હોમનું સેનીટાઈઝેશન કરવામાં આવેલ છે.

આ શેન્ટર હોમ ખાતે રહેતા તમામ લોકો માટે માસ્ક, હેન્ડ સેનેટાઈઝર પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ ઉપરાંત લોકડાઉનની પરિસ્થિતિમાં આ લોકો બહાર ન નીકળે તે માટે અને અંદર જ રહે તે માટે નિયમિત ભોજન મળી રહે તેની વ્યવસ્થા પણ મનપાના તંત્ર દ્વારા કરવામાં આવી છે.

## શહેરના મુકસેવક જી. એન. ખારોડનુ ૯૩ વર્ષની વયે અવસાન

**નગરના અગ્રણીઓ, નાગર સમાજ અને શહેરીજનોએ દુખની લાગણી વ્યકત કરી : ગાંધીનગરના રવિશંકર ખારોડ સાહેબની માનવ સેવાને સો સો વંદન : નગરમાં એક સાચા સેવાભાવીની ખોટ સદાય વર્તાશે : મહામારીના લીધે બેસણુ રાખવામાં આવ્યુ નથી**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી નગરમાં નિસ્વાર્થ સેવા કાર્યો કરતા નગરના રવિશંકર જી. એન. ખારોડનુ ૯૩ વર્ષની વયે અમદાવાદમાં અવસાન થયુ છે. બે મહીનાની ટુંકી બિમારીના અંતે



તેમનુ આજે અવસાન થતા નગરના અગ્રણીઓ સહીત નગરજનોએ શોકની લાગણી વ્યકત કરી સેવાભાવી સદગતના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી હતી.નગરમાં મુકસેવક તરીકે જાણીતા ખારોડ સાહેબે અત્યાર સુધી અનેક દર્દીઓના આંસુ પોંછવાનુ કામ કર્યુ છે. નગરની અનેક વિધ સેવા સંસ્થાઓમાં પણ તેમનુ આગવુ યોગદાન હતુ. નગરના સમાજજીવનને કાયમ તેમની ખોટ સાલશે.

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી નગરની નિસ્વાર્થ સેવામાં કાર્યરત જી એન ખારોડ સાહેબનુ નામ નાગરિકો અનોખા માન સન્માનની લાગણી સાથે એક અદબથી લે છે. તેમના સેવાભાવી અને સરળ, નિખાલસ વ્યકિત્વમાં થકી તેમણે નગરજનોના દીલમાં આગવુ સ્થાન મેળવ્યુ હતુ. દર્દીઓની અનોખી સેવા કરવા માટે તેઓ સદાય તત્પર રહેતા હતા. નગરમાં જુનિયર સિટીઝન કાઉન્સિલ સહીતની વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા ખારોડ સાહેબનુ વ્યકિત્વ નખશિખ પ્રમાણિક હોવાની સાથે સાદગીસભર હતુ. રાજય સરકારના માર્ગ મકાન વિભાગમાં મુખ્ય ઈજનેર તરીકે સેવા આપી નિવૃત થયેલા ખારોડ સાહેબ સેવાક્ષેત્રે ભિષ્મપિતામહના નામે સંબોધિત થતા હતા. છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ રહેતા ખારોડ સાહેબનુ બે મહીનાની ટુંકી માંદગીના લીધે આજે અવસાન થયુ છે. તેમના પુત્ર જાણીતા ન્યુરોસર્જન પ્રણવ ખારોડે મહામારીના આ સંજોગોને ધ્યાને લઈ સદગત પિતાના અવસાનના અંતે બેસણુ રાખ્યુ નથી. સમસ્ત ગુજરાત નાગર સમાજ બ્રહ્મસમાજે પણ તેમના અવસાન બદલ દુખની લાગણી વ્યકત કરી છે. નાગર પરિવારના અને નગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહા તેમજ અરૂણ બુચે પણ જી એન ખારોડના અવસાન બદલ દુખની લાગણી વ્યકત કરી છે. તેમણે નગરે એક પ્રામાણિક અને સાચા અર્થમાં સેવાભાવી અગ્રણીની વિદાય સાથે ઘણુ બધુ ગુમાવ્યુ હોવાની લાગણી વ્યકત કરી છે.

### શહેરીજનોનો એક અવાજ ગો.. કોરોના..

## બીજા દિવસે પણ સફળ લોકડાઉન

**દિવસ દરમિયાન જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ માટે સામાન્ય અવરજવર સિવાય માર્ગો અને સેકટરોની શેરીઓમાં ખાલીપો : નાગરિકોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પહોંચતી કરશે**





ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં કોરોનાના કહેર વચ્ચે આજે સતત બીજા દિવસે લોકડાઉન સફળ રહ્યુ હતુ. લોકડાઉનની અસર સાથે નગરના માર્ગો પર આજે પણ સન્નાટો જોવા મળ્યો હતો. સેકટરોની શેરીઓમાં પણ સતત સુનકાર પ્રવર્તેલો રહ્યો હતો. નાગરિકો કોરોનાને માત કરવા હવે ઘરમાં રેહવાના મુડમાં જ છે. બીજીતરફ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની ખરીદી માટે નાગરિકોની સામાન્ય અવરજવર જોવા મળી હતી. સરકારી તંત્રએ પણ નગરમાં એકાંતમાં એકલા રહેતા નાગરિકોને ભોજન સહીત જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તે માટે પણ નવતર આયોજન કર્યુ છે. જેના આધારે આવા નાગરિકોને ઘરે બેઠા પણ ચીજવસ્તુઓ મળી રહેશે. જયારે આજે પણ મોસમનો બદલાયેલો મિજાજ ઠંડા પવનની લહેરકી પણ શહેરીજનોમાં ચર્ચાનો વિષય રહ્યો હતો.

શહેરમાં આજે બીજા દિવસે પણ લોકડાઉન સફળ રહ્યુ હતુ. આમ નાગરિકોની દિવસ દરમિયાન સામાન્ય અવરજવર જોવા મળી હતી. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે સાંજના સમયે નાગરિકો બહાર નિકળ્યા હતા. જયારે સવારથી પણ નગરના માર્ગો પર એકલ દોકલ વાહનોની અવરજવર વચ્ચે લોકડાઉન સફળ રહ્યુ હતુ. આજે ગાંધીનગરમાં કોરોનાનો એક નવો કેસ નોંધાયો હતો. જયારે કોરોનાના કેસ સંદર્ભે નગરજનો સતત જાણવા ઉત્સુક જોવા મળ્યા હતા. ફોન પર પણ નવા કેસ અંગેની ચર્ચા તેમજ

● અનુસંધાન પાન-૭ પર

## નગરના સેવાભાવી અગ્રણી સી. ડી. ધનેશ્વરનુ દુઃખદ અવસાન


ગાંધીનગર તા ૨૬

સે-૨૨ સ્થિત શ્રેયસ સોસાયટીમાં રહેતા સેવાભાવી આગેવાન સી. ડી. ધનેશ્વરનુ પણ આજે દુખદ અવસાન થયુ છે. નગરની અનેકવિધ સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા હતા. જયારે નગરમાં સેવાભાવી વૃતિ પ્રવૃતિમાં પણ તેમનુ આગવુ યોગદાન હતુ. તેમના અવસાનથી નગરજનો તેમજ વિવિધ સંસ્થાઓએ પણ શોકની લાગણી વ્યકત કરી છે.



ગાંધીનગરે આજે બે સેવાભાવી અગ્રણીઓ ગુમાવ્યા છે. નગરના સાચા સેવાભાવી જી એન ખારોડનુ દુખદ અવસાન થયુ છે જયારે શહેરમાં વર્ષોથી સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલા સી ડી ધનેશ્વરનુ પણ અવસાન થયુ છે. સે-૨૨ સ્થિત શ્રેયસ સોસાયટીમાં રહેતા સી ડી ધનેશ્વર મહેસુલ વિભાગમાં અધિકારી તરીકે વર્ષો સુધી ફરજ નિભાવી હતી. જયારે વર્ષોથી નગરની સેવાકીય સંસ્થાઓ સાથે પણ તેમનો ઘનિષ્ટ નાતો હતો. શહેર વસાહત મહામંડળ સાથે પણ જોડાયેલા હતા. નગરની સેવાકીય પ્રવૃતિમાં તેમનુ વિશેષ યોગદાન હતુ. આ ઉપરાંત સિનિયર સિટીઝન કાઉન્સિલ, પેન્શનર્સ સમાજ સહીતની વિવિધ સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા હતા. તેમના અવસાન બદલ નગરની વિવિધ સંસ્થાઓ , સેવાભાવી આગેવાનો તેમજ નગરના અગ્રણીઓએ દુખની લાગણી વ્યકત કરી છે.

### દુઃખદ અવસાન



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ચંદ્રકાન્ત દત્તાત્રેય ધનેશ્વર (સી. ડી. ધનેશ્વર)** (નિવૃત્ત, મહેસુલ વિભાગ)નું આજે તા. ૨૬/૩/૨૦૨૦ને ગુરૂવારે અવસાન થયેલ છે.

**વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી બેસણું રાખેલ નથી.**

**સરનામું :**
**પ્લોટ નં. ૩૭૧/૧,**
**શ્રેયસ સોસાયટી,**
**સેક્ટર-૨૨, ગાંધીનગર.**
**(મો. ૯૮૯૮૫૨૭૪૬૦)**

**લિ.**
**તુષાર ચંદ્રકાન્ત ધનેશ્વર (પુત્ર)**
**અમિત ચંદ્રકાન્ત ધનેશ્વર (પુત્ર)**
**પંકજા શશાંક વૈજનપુરકર (પુત્રી)**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com